## કલમ ૪(૧)(બી)(૨) :– સંસ્થાનાં અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો

### ❖ <u>પ્રોજેકટ ઈન્ચાર્જની ફરજો:–</u>

આપ્રોજેકટ હેઠળ આવતી તમામ સેવાઓની કાર્યાત્મકસંકલન કરવાની જવાબદારી પ્રોજેકટ ઈન્ચાર્જ બજાવે છે.

- આ પ્રોજેકટનાં કાર્યક્ષમ વહીવટની અને તમામ હેલ્થ સેન્ટરને એસ.ટી.ડી.કેર પ્રોજેકટ માટે જરૂરી વાર્ષિક / માસિક બજેટ તેમજ ખર્ચની વ્યવસ્થા કરે છે.
- પ્રોજેકટમાં કામ કરતા કાઉન્સેલરોની કામગીરીનું તેમજ તેમા ધ્વારા નિભાવવામાં આવતા રેકોર્ડસ તથા સ્ટોક વગેરેનું હેલ્થ સેન્ટરની મુલાકાત દરમ્યાન નિરીક્ષણ તેમજ તપાસ કરશે અને જરૂરી માર્ગદર્શન આપશે.
- પ્રોજેકટમાં કામ કરતા તમામ કર્મચારીઓની કામગીરીનું નિરીક્ષણ કરશે અને માસિક સ્ટાફ મિટીંગ દ્વારા સમીક્ષા કરી માર્ગદર્શન આપશે.
- કાર્યક્રમ હેઠળ ચાલતી પ્રવૃતિ તથા પ્રગતિથી અંગે વખતો વખત ઉપલા અધિકારી અને કચેરીઓને વાકેફ રાખે છે.
- આપ્રોજેકટ હેઠળ જરૂરી કર્મચારીઓની ભરતી, નિમણૂંક અને તાલીમની વ્યવસ્થા સંભાળશે.
- દર મહિનેકાઉન્સેલર્સની કામગીરીના નિરીક્ષણ માટે પ્રોજેકટ કોઓર્ડીનેટર અને આરોગ્ય અધિકારીશ્રી સાથે વિચાર વિમર્શ કરીને કાર્યક્રમ ઘડશે.
- વખતો વખત કામગીરીની સમીક્ષા કરી કામગીરીનાં અમલીકરણ બાબતે વિભાગીય વડા ડેપ્યુટી કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પીટલ) સાથે વિચાર વિમર્શ કરીને નવા સુધારા વધારા સાથેનાં કાર્યક્રમ ઘડશે.

### ❖ <u>પ્રોજેકટ કો–ઓર્ડીનેટરની ફરજો :–</u>

- કાઉન્સેલરોએ નિભાવેલ રેકોર્ડ રજીસ્ટર્સની નિયમિત તપાસણી કરે છે તેમજ તેમની કામગીરીની દેખરેખ રાખે છે, માર્ગદર્શન આપે છે અને સમયાંતરે તાલીમ આપે છે.
- દર મહિને ઓછામાં ઓછી ૧૦થી ૧૨ હેલ્થ સેન્ટરની મુલાકાત લઈ પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા માર્ગદર્શન આપે છે.
- સ્ટાફ રીવ્યુ મિટીંગના ભાગરૂપે કાઉન્સેલરો ધ્વારા થયેલ તમામ કામગીરીઓની દર મહિને એક વખત સમીક્ષા કરે છે.

- સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ ધ્વારા જીસેકસ અમદાવાદના DAPCUસુરત ઓફિસ ખાતે, એન.ટી.ઈ.પી. (ટી.બી. વિભાગ) વગેરેને દર મહીને આંકડાકીય માહીતી મોકલે છે.
- મુખ્ય કચેરી તથા કાઉન્સેલર્સ વચ્ચે જરૂરી પત્રવ્યવહાર કરે છે.
- પ્રોજેકટનાં વહિવટ અને અમલીકરણમાં પ્રોજેકટ ઈન્ચાર્જને મદદ કરે છે. ડેટા એનાલીસીસ કરવા,ઓનલાઈન ડેટા એન્ટ્રી અને મંથલી રીપોર્ટ બનાવવા.

### ❖ <u>બીજી શ્રેણી કલાર્કની ફરજો :–</u>

- મુખ્ય કચેરીને મળતા તમામ જરૂરી પત્રોનું નોંધણી અને ફાઈલીંગ કરવું.
- જરૂરી ઓફીસનાં રજીસ્ટરો નિભાવવાની કામગીરી કરવી વગેરે.
- એસ્ટાબ્લીસ્ટમેન્ટની કામગીરી, આર.ટી.આઈ.ની કામગીરી, બજેટની કામગીરી, એકાઉન્ટના બીલ અંગેની કામગીરી.

### ❖ <u>કાઉન્સેલરની ફરજો</u> :–

- એસ.ટી.ડી.(સેકસ્યુઅલી ટ્રાન્સમીટેડ ડીઝીસ) (જાતિય રોગ) નાં દર્દીઓનુ તેમજ તેમના જાતીયસાથીદારોનું નિદાન, સારવાર  અને કાઉન્સેલીંગ તેમજ અન્ય રોગો વિશે આરોગ્ય સંબધિત કાઉન્સેલીગ.
- એચ.આઈ.વી./એઈડ્સનાં દર્દીઓનું કાઉન્સેલીંગ અનેટેસ્ટીંગકરાવવું તથા એચ.આઈ.વી.પોઝીટીવ દર્દીઓને સારવાર લેવા એ.આર.ટી.(એન્ટીરીટ્રોવાઈરલ થેરાપી) સેન્ટર નવી સિવિલ હોસ્પીટલનાં એ.આર.ટી. સેન્ટર અથવા સ્મીમેર હોસ્પિટલનાં એ.આર.ટી. સેન્ટર ખાતે મોકલવા.
- તમામ શંકાસ્પદ ટી.બી.નાં દર્દીઓનું એચ.આઈ.વી. ટેસ્ટીંગ તથા એચ.આઈ.વી.નાં દર્દીઓને ટી.બી.નાંનિદાન તથા સારવાર માટે  ડોટ સેન્ટર પર મોકલવા.
- એચ.આઈ.વી. ગ્રસ્ત દર્દીઓના સામજીક પ્રશ્નોના નિકાલ માટે એન.એસ.પી.પ્લસ, જી.એસ.એન.પી.પ્લસ (ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ્સ લીંવીગ વીથ એચ.આઈ.વી./એઈડ્સ) સંસ્થા પર મોકલવામાં આવે છે.
- એચ.આર.બી. (હાઈ રીસ્ક બિહેવિયર) જોખમી વર્તણુંક ધરાવતા વ્યકિતઓનું કાઉન્સેલીંગ અને એચ.આઈ.વી. ટેસ્ટીંગ.

- હેલ્થ સેન્ટર પર આવતી ગર્ભવતી મહિલાઓનુંફરજયાત એચ.આઈ.વી. ટેસ્ટીંગ અને કાઉન્સેલીંગ કરવું.
- નિરોધનું નિર્દશન તથા વિતરણ કરવું.
- આઈ.ઈ.સી. મટીરીયલનું (આરોગ્ય શિક્ષણ સાહિત્ય) વિતરણ કરવું.
- ૧૫ થી ૪૫ વર્ષનાં દર્દીઓનું સ્ક્રીનીંગ કરી એસ.એસ.આઈ (સીસ્ટેમેટીક સ્ક્રીનીંગ ઈન્વેસ્ટીગેશન)નું ફોર્મ ભરવું.
- ૧૩ થી ૧૯ વર્ષનાં તમામ યુવાન દર્દીઓને ARSH કાર્યક્રમ અંર્તગત એચ.આઈ.વી., માસિકધર્મ તથા તરૂણાવસ્થામાં આવતા ફેરફારો અંગેની સમજ આપવી.
- કોવીડ–૧૯ જેવી ઈમર્જન્સી કન્ટેઈનમેન્ટ ઝોનવાળા વિસ્તાર તથા શેલ્ટરહોમમાં જઈ કોરોનાથી સંક્રમિત વ્યકિતઓને કાઉન્સેલિંગ ધ્વારા માનસીક સપોર્ટ આપવાની કામગીરી, પ્રચાર–પ્રસારની કામગીરી અને ૧૦૪ ની સેવા હેઠળ પેશન્ટનું ફોલોઅપ વગેરે.
- રજીસ્ટરો મેઈન્ટેઈન કરવા તેમજ સ્ટોક મેઈન્ટેઈન કરવો તેમજ તમામ કામગીરીનું રીર્પોટીંગ કરવું વગેરે.

❖ **<u>ફીલ્ડ કાર્ય :–</u>**

- આઈ.સી.ડી.એસ.(ઈન્ટીગ્રેડેટ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સ્કીમ) આંગણવાડી કેન્દ્રોનીમુલાકાત લેવી અને ફીલ્ડ વિસ્તારમાં વિવિધ રોગ વિષયક ગૃપ મિટીંગો કરવી.
- એસ.ટી.ડી.(જાતીય રોગ)નાં દર્દી માટેનો મેડીકલ કેમ્પોનું આયોજન કરવું. (આંગણવાડી કેન્દ્રો અને ફીલ્ડવિસ્તારમાં)
- ફીલ્ડ વિસ્તારમાં એચ.આઈ.વી./એઈડ્સ નાં દર્દી અને જાતીય રોગના દર્દીઓનુ ફોલો અપ.
- વિસ્તારમાં કામ કરતી બીજી સંસ્થાઓ સાથે સંકલન કરવુ તથા વિસ્તારમાં આરોગ્ય વિષયક પોસ્ટર પ્રદર્શન કરવુ.
- અગાઉથી આયોજીત અને ખાસ પ્રસંગે વિડીયો શો, કઠપુતળી શો, મેજીક શો, શેરી નાટક વગેરે કાર્યક્રમોનું સંચાલન કરવુ.
- નીચેના દરેક કાર્યક્રમો અને દિવસો જેવાકે વિશ્વ આરોગ્ય દિન, વિશ્વ એઈડ્સ દિન, વિશ્વ ટી.બી. દિન, વિશ્વ મહિલા દિન, મમતા દિવસની ઉજવણી, પલ્સ પોલીયો પ્રોગ્રામ, રાષ્ટ્રીય હાથીપગો (ફાઈલેરીયા) પ્રોગ્રામ વગેરેની ઉજવણીમાં સક્રિય સામેલગીરી અને આઈ.ઈ.સી. વિતરણ કરવું.
- અન્ય એપેડેમીક પ્રોગ્રામમાં કામગીરી કરવી વગેરે.

❖ **<u>પટાવાળા(સફાઈ કામદાર) :–</u>**

- ઓફીસની રૂટીન કામગીરી જેવી કે, ટપાલ વિવિધ ડીપાર્ટમેન્ટમાં આપવી તેમજ સ્થાનિક ટપાલોના વિતરણની કામગીરી વિગેરે.